Gujarat Samachar (Supple.: Sunday Plus)
February 22, 2015
Page No. 1

EDI

# એમ્પ્રિસારીઓ- ૨૦૧૫માં બિઝનેસના મોડર્ન ક્લાસ

આંત્રપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈ), અમદાવાદ ખાતે આંત્રપ્રિન્યોરશીપની એન્યુઅલ સમિટ 'એમ્પ્રિસારીઓ'નો પ્રારંભ થયો છે. એમ્પ્રિસારીઓ સ્ટુડન્ટસ લેવલની આંત્રપ્રિન્યોરલ ઈવેન્ટ છે. જેમાં ઉભરતા બિઝનેસમેન, સ્ટુડન્ટસ, વેન્ચર કેપિટલ, શિક્ષણશાસ્ત્રીઓ માટે અનોખું પ્લેટફોર્મ પુરુ પાડે છે.

આંત્રપ્રિન્યોરશીપ ભારતમાં નવો સબ્જેક્ટ છે. હવે મોડર્ન વર્લ્ડ માટે આ મહત્વનું પગલું રહે છે. આ અંગે ઈડીઆઈના ડાયરેક્ટર દિનેશ અવસ્થી કહે છે કે સ્ટુડન્ટસ લેવલની આ સૌથી મહત્વની ઈવેન્ટ છે. જેમને અહીં એક પ્રથમ શરૂઆત મળે છે. આજે જે રીત માર્કેટ ગ્રો થઈ રહ્યું છે અને ટેકનોલોજી ડેવલપ થઈ રહી છે. ત્યારે સ્ટુડન્ટસે તેની અધરી બારાખડી શોધવી રહેશે. સ્ટુડન્ટસ એન્જોય સાથે નવા રસ્તાઓ શોધે.

૨૦થી ૨૨ ફેબ્રુઆરી સુધી ચાલનાર આ ઈવેન્ટમાં બી પ્લાન કમ્પિટિશન, સેમિનાર, માર્કેટિંગ ચેલેન્જિસ, સ્ટાર્ટ અપ ફેર અને વર્કશોપનું આયોજન કરાયું છે. આ ઈવેન્ટમાં હૈદરાબાદ, કોઈમ્બતુર, પૂને, ઈન્દોર, જબલપુર, રાજકોટથી વિવિધ પ્રિમિયર ઈન્સ્ટિટ્યૂટના સ્ટુડન્ટસે પાર્ટિસિપેટ કર્યું છે.